કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક
26 DEC 2013

ગુજરાત કાર્ડ ધારકોને સરકારી કામકાજમાં
પ્રાધાન્ય આપવા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક :- બનગ-૧૦૨૦૧૩-૫૫૩-એન.આર.આઇ.
સચિવાલય,ગાંધીનગર.
તા:- ૧૯-૧૨-૨૦૧૩

વંચાણે લીધો:- સામાન્ય વહીવટ વિભાગ, એન.આર.આઇ. શાખાનો તા. ૧-૬-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક બનગ-૧૦૯૯૫૨૮-એનઆરઆઇ.

પ્રસ્તાવના

૧. બિન નિવાસી ગુજરાતીઓ લાંબા સમય ગાળા બાદ જ્યારે ટુંકા સમય માટે વતનની મુલાકાત લેતા હોય છે ત્યારે ઘણા ટુંકા સમયમાં તેમણે પોતાની કેટલીક વ્યક્તિગત બાબતો માટે વિવિધ સરકારી કચેરીમાં જવું પડતું હોય છે. પરંતુ કેટલીક વાર કેટલીક કચેરીઓમાં તેમને ત્યાં જરૂરી સહકાર મળતો નથી અને એકને એક કામ માટે વારંવાર જવું પડે છે. આ સંજોગોમાં ઘણીવાર તેમનું કામ અધુરૂ રહી જાય છે અથવા તો તમણે વતનમાં વધુ સમય રોકાવું પડે છે. વિઝાની મર્યાદાના કારણે વિદેશથી પધારેલા બિન નિવાસી ગુજરાતીઓ માટે તો કાનુની રીતે પણ રોકાણ લંબાવવું શક્ય હોતુ નથી; જેથી, તેમના અંગત કામો અધુરા રહી જતા હોય છે અને જેના કારણે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે

૨. આ પરિસ્થિતિ નિવારવા માટે, આ બિન-નિવાસી ગુજરાતીઓ કે જેઓ ગુજરાત કાર્ડ ધરાવે છે તેઓ જ્યારે સરકારી કચેરીની મુલાકાત લે ત્યારે તેમની અંગત રજૂઆતો માટે તેમને સારી રીતે સાંભળવામાં આવે અને નિયમાનુસારની તેમની રજૂઆતો માટે વિના વિલંબે ત્વરીત કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી જણાય છે.

## પરિપત્ર

ઉપર્યુક્ત હકીકત ધ્યાને લેતા આથી સૂચના આપવામાં આવે છે કે ગુજરાત કાર્ડ ધારક બિન નિવાસી ગુજરાતીઓ જ્યારે સરકારી કચેરી/નિયંત્રણ હેઠળની સંસ્થાઓ પાસે માહિતી માગે કે રજૂઆત કરે ત્યારે તેમને અગ્રિમતા આપવામાં આવે તથા તેઓની રજૂઆત ધ્યાને લઇ તેમની નિયમાનુસારની

10 JAN 2014

રજૂઆતો અન્વયે વિના વિલંબે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે તે જોવા સર્વે વિભાગ/ખાતાના વડા/ કચેરીના વડાને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન.પી.લવિંગીયા)
સંયુક્ત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

-માન.રા.ક.મંત્રીશ્રી (એન.આર.જી)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-સચિવાલયના સર્વે વિભાગો,
-સર્વે ખાતાના વડાઓ
(આપની કચેરી તેમજ આપના તાબા હેઠળની કચેરીના વડાને પરિપત્રીત કરવા વિનંતી સહ)
-નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન
આ પરિપત્રને બહોળી પ્રસિધ્ધી આપવા તથા વેબ સાઇટ પર મૂકવા વિનંતી સહ.
-શાખા સિલેક્ટ ફાઇલ

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૩/૧૬૮૯/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭/૧૨/૨૦૧૩

પ્રતિ,
વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા/ બોર્ડ/ કોર્પોરેશન/ કૃષિ યુનિવર્સિટીઓ

ઉક્ત બાબતે જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.

આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

જા.નં. આકૃયુ/રજિ/સંકલન/ ૯૫૪૭ /૨૦૧૪

કુલસચિવ

તા.૨૫/૦૨/૨૦૧૪

નકલ રવાના:
૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવ/કુલસચિવના અંગત સચિવ તરફ.
૨. આ કચેરીની તમામ શાખાઓ તરફ.